અપીલ અરજી નં.૭૦૬ તા.૨૩–૩–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી ધનજીભાઈ ફકીરભાઈ પટેલ
સામાવાળા :– એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–ડ્રેનેજ
ડે.કમિ.(પી.એન્ડ.ડી)અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–ટીડીઓ/ટીપી

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ધનજીભાઈ ફકીરભાઈ પટેલની તા.૦૧–૦૨–૧૨ની અરજીથી મોજેઃ જીઆવના બ્લોક નં. ૪૬૩ તથા બ્લોક નં. ૪૬૪ વાળી જમીનના છેડેથી પસાર થતી નહેરની એક બાજુ નહીં પરંતુ બન્ને બાજુ ટી.પી. સ્કીમ નં. ૬૭માં રોડ મુકવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૩–૩–૧૨ ની **SMC/FAP/** નં.૭૦૬/૨૦૧૧–૧૨

શ્રી ધનજીભાઈ ફકીરભાઈ પટેલની તા.૦૧–૦૨–૧૨ની અરજીથી મોજે : જીઆવના બ્લોક નં. ૪૬૩ તથા બ્લોક નં. ૪૬૪ વાળી જમીનના છેડેથી પસાર થતી નહેરની એક બાજુ નહીં પરંતુ બન્ને બાજુ ટી.પી. સ્કીમ નં. ૬૭માં રોડ મુકવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં. ડીએનજી/ આરટીઆઈ / આ.નં.૬૮ તા. ૨૯–૨–૧૨ થી મળેલ માહિતી અસંતોષકાર હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૩–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા/ ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ દિન–૦૫માં નીચે સહી કરનારને પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો માટે મૂળ અરજીની નકલ સહ મોકલવા** પત્ર નં. આરટીઆઈ સેલ/૨૧૧૬ તા.૨૯–૩–૧૨થી તત્કાલીન જાહેર માહિતી અધિકારી ડ્રેનેજ, તત્કાલીન જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી ટીડીઓ તથા અરજદારને મૂળ અરજીથી માંગેલ માહિતી, ફી ભર્યાની વિગત, મળેલ માહિતી અંગે નારાજગીની વિગતો સ્પષ્ટ કરવા તથા તકરાર નિવારણ માટે અલાયદી રજુઆત સક્ષમ સત્તાને કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનર તરફથી પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/૧૪/૧૫ તા. ૫–૪–૧૨થી પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારી ડ્રેનેજ તરફથી પત્ર નં. ડીએનજી/આરટીઆઈ/આ.નં./૬૮ તા. ૨૯–૨–૧૨થી અરજદારને આપવામાં આવેલ પત્રની નકલ, અરજદારે તા. ૪–૨–૧૨ના રોજ ટાઉન પ્લાનીંગ અધિકારીને કરેલ અરજીની નકલ, અરજદારની મૂળ અરજીની નકલ, નગર નિયોજક તરફથી પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/૫૫૭ તા. ૪–૨–૧૨થી કાર્યપાલક ઈજનેરશ્રી ડ્રેનેજ વિભાગને તબદીલ કરેલ પત્રની નકલ તથા પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/૫૫૮ તા. ૪–૨–૧૨થી કાર્યપાલક ઈજનેરશ્રી ઉધનાઝોન તથા નગર નિયોજકશ્રી (એ) મ.શહેર વિકાસ ખાતાને તબદીલ કરેલ પત્રની નકલ, ડે.કમિ.(પી.એન્ડી.ડી) અને જાહેર માહિતી અધિકારી(ટીપી)તરફથી પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/૫૯૭ તા. ૧૮–૨–૧૨ થી અરજદારને આપવામાં આવેલ માહિતીના પત્રની નકલ અત્રે મળેલ છે. નાયબ શહેર વિકાસ અધિકારી તરફથી પત્ર નં. ટીડીઓ/૦૫ તા. ૧૧–૪–૧૨થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, નગર નિયોજક તરફથી પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/૫૫૮ તા. ૪–૨–૧૨થી કાર્યપાલક ઈજનેરશ્રી ઉધનાઝોન તથા નગર નિયોજકશ્રી (એ) મ.શહેર વિકાસ ખાતાને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારની મૂળ અરજીની નકલ, ટીડીઓ તરફથી પત્ર નં. ટીડીઓ/૫૩૯ તા. ૧૦–૨–૧૨થી અરજદારને ફી ભરવા પાઠવેલ તથા તા. ૧૨–૩–૧૨ના પત્રથી આપેલ માહિતીના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી ડ્રેનેજ તરફથી પત્ર નં. ડીએનજી/આરટીઆઈ/આ.નં./૦૪ તા. ૧૨–૪–૧૨થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મૂળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી ના પત્ર નં. ડીએનજી/આરટીઆઈ/આ.નં./૬૮તા. ૨૯–૨–૧૨ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા. ૯–૪–૧૨થી પૂરક વિગતોમાં મૂળ અરજીની નકલ, ટીડીઓ તરફથી આપેલ માહિતીના પત્રની નકલ, ઉધનાઝોન ખાતે રૂા. ૨૩૪/– ફી ભર્યા રસીદની ઝેરોક્ષ નકલ, તા. ૪–૨–૧૨ની ટાઉન પ્લાનીંગ અધિકારીને કરેલ અરજીની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૦૧–૦૨–૧૨ની અરજીથી મોજે : જીઆવના બ્લોક નં. ૪૬૩ તથા બ્લોક નં. ૪૬૪ વાળી જમીનના છેડેથી પસાર થતી નહેરની એક બાજુ નહીં પરંતુ બન્ને બાજુ ટી.પી. સ્કીમ નં. ૬૭માં રોડ મુકવા બાબતે માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ ઓફિસરને સંબોધતી ટાઉન પ્લાનીંગ વિભાગમાં કરવામાં આવેલ. જે ટાઉન પ્લાનીંગ વિભાગ તરફથી પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/૫૫૭ તા. ૪–૨–૧૨થી નિયત સમય અવધિમાં કાર્યપાલક

ઈજનેરશ્રી ડ્રેનેજ વિભાગને તથા પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/૫૫૮ તા. ૪–૨–૧૨થી નિયત સમય અવધિમાં કાર્યપાલક ઈજનેરશ્રી ઉધનાઝોન તથા નગર નિયોજકશ્રી (એ) મ.શહેર વિકાસ ખાતાને તબદીલ કરેલ. જેના અનુસંધાને ટાઉન પ્લાનીંગ વિભાગ તરફથી મુદ્દા નં. ૨, ૪ અને ૫ પૈકી ટીપીડી/આરટીઆઈ/ ૫૯૭ તા. ૧૮–૨–૧૨થી નિયત સમય અવધિમાં માહિતી આપવામાં આવેલ છે. જયારે પત્ર નં. ટીડીઓ/૫૩૯ તા. ૧૦–૨–૧૨થી નિયત સમય અવધિમાં મુદ્દા નં. ૩ અને ૫ બાબતે માહિતી આપવામાં આવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી ડ્રેનેજ તરફથી પત્ર નં. ડીએનજી/આરટીઆઈ /આ.નં./૬૮ તા. ૨૯–૨–૧૨થી નિયત સમય અવધિમાં મુદ્દા નં. ૧ ની માહિતી આપવામાં આવેલ છે. જેમાં અરજીથી સુરત ડિસ્ટ્રીકટ સબ ડિસ્ટ્રીકટ મોજે : જીઆવના સર્વે નં. ૪૬૩ જેને ટી.પી. સ્કીમ નંબર ૬૭ લાગુ પડતાં ફા.પ્લોટ નં : ........ આપવામાં આવેલ છે. સદરહુ ફા.પ્લોટ નં.(જણાવેલ નથી) વાળી ખેતીની જમીનમાં સુરત મહાનગરપાલિકા તરફથી સ્ટ્રોમ લાઈનનું કામ કરવામાં આવી રહેલ છે. મજકુર સર્વે નં. ૪૬૩ વાળી જમીનમાંથી રસ્તો પસાર થાય છે પરંતુ હાલમાં સ્થળ પર ૪૬૩ વાળી જમીનમાંથી પસાર થતો સ્ટ્રોમ લાઈન હમો હરજદારની જમીનમાં નાંખવામાં આવેલ છે તથા અગાઉ ખેડુતની મંજુરીથી શરૂ કરવામાં આવેલી સ્ટ્રોમ લાઈનમાં સ્થળ પર ફેરફાર કરવામાં આવી રહેલ છે. સબબ હમો અરજદારની જમીનમાં ખેતી ચાલુ હોવાથી નુકશાન થઈ રહેલ છે સબબ હમો અરજદારને નીચે મુજબની માહિતી આપવા નમ્ર અરજ છે. (૧) સુરત મહાનગરપાલિકા તરફથી અગાઉ નાંખવામાં આવેલી સ્ટ્રોમ લાઈનમાં ફેરફાર કરવા માટેના હુકમ થયેલા છે કે કેમ ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ડ્રેનેજ તરફથી પત્ર નં. ડીએનજી/આરટીઆઈ/આ.નં.૬૮ તા. ૨૯–૨–૧૨થી નિયત સમય અવધિમાં " સદર અરજી અન્વયે માંગેલ મુદ્દા નં.(૧) સંબંધિત ડ્રેનેજ ખાતાને લાગુ વિગતો બાબતે જણાવવાનું કે સુરત મહાનગરપાલિકાના ડ્રેનેજ વિભાગ દ્વારા વડોદ–જીઆવ(ટી.પી.સ્કીમ નં.૬૩, ૭૧ તથા ટી.પી.સ્કીમ નં. ૬૭) ના ટી.પી. રસ્તા પર ડ્રેનેજ નળિકા નાંખવા અંગેના ટેન્ડરો સ્થાયી સમિતિ ઠરાવ નં. ૯૭૭/૧૦, તા. ૧૮–૬–૧૦ થી મંજુર થયેલ છે તેના ભાગરૂપે ઉપરોકત તમામ ટી.પી. સ્કીમના રસ્તા પર ડ્રેનેજ લાઈન નાંખવાની કામગીરી હાલ પ્રગતિમાં છે તેમની અરજીમાં જણાવેલ રોડ ટી.પી. સ્કીમ નં. ૬૩ તથા ટી.પી.સ્કીમ નં.૬૭ની બાઉન્ડ્રી પર આવેલ છે. સદર રોડ નજીક સદરહુ વિસ્તાર સુરત મહાનગરપાલિકામાં સમાવિષ્ટ ન હતો તે સમયે જે તે ખેડુત /જમીન માલિકની સંમતિ લઈ ડ્રેનેજ લાઈન નાંખવામાં આવેલ હોઈ શકે. ત્યાર બાદ સદરહુ વિસ્તાર સુરત મહાનગરપાલિકામાં સમાવિષ્ટ થતા તેને આનુષાંગિક તેમની અરજીમાં જણાવેલ ટી.પી. રોડ પર પણ ડ્રેનેજ નળિકા નાંખવાની કામગીરી ઉપરોકત ડ્રેનેજ નેટવર્કના ભાગરૂપે કરવામાં આવી રહેલ છે. " તેવું જણાવેલ.

(૨) મોજે : જીઆવમાં ટીપી સ્કીમ નં. ૬૭ ફાયનલ થયેલ છે કે કેમ ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/૫૯૭ તા. ૧૮–૨–૧૨થી નિયત સમય અવધિમાં " મોજે : જીઆવ પૈકીમાં લાગુ પાડેલ ટી.પી.સ્કીમ નં. ૬૭(જીઆવ–સોનારી–ગભેણી) ફાયનલ થયેલ નથી. " તેવું જણાવેલ.

(૩) જીઆવના સર્વે નં. ૪૬૩ વાળી જમીનમાં સુરત મહાનગરપાલિકા તરફથી પ્લાન પાસ કરવામાં આવ્યા છે કે કેમ ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી પત્ર નં. ટીડીઓ/૫૩૯ તા. ૧૦–૨–૧૨થી નિયત સમય અવધિમાં" પ્રશ્નવાળી મિલ્કતમાં ટીડીઓ/ડી.પી.૩૬ તા. ૬–૬–૧૧થી સબ ડીવીઝનના પ્લાનો મંજુર કરવામાં આવેલ છે. જેના રૂા. ૮૨/– ભરપાઈ કર્યેથી પ્લાન તથા રજાચિઠ્ઠીની નકલ મળી શકશે." તેવું જણાવેલ.

(૪) સર્વે નં. ૪૬૩ તથા ૪૬૪ના બી ફોર્મ આપવામાં આવેલ છે કે કેમ ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ડે.કમિ.(પી.એન્ડ.ડી) તરફથી પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/૫૯૭ તા. ૧૮–૨–૧૨થી નિયત સમય અવધિમાં " સવાલ અસ્પષ્ટ છે તથા માહિતીની વ્યાખ્યામાં આવતી નથી." તેવું જણાવેલ.

(૫) તથા સર્વે નં. ૪૬૩ વાળી જમીનમાં સુરત મહાનગરપાલિકા દ્વારા બાંધકામ માટેના પ્લાન પાસ કરવામાં આવ્યા છે કે કેમ ? તથા મજુકર જમીન અંગે સુરત મહાનગરપાલિકા તરફથી બાંધકામ અંગેની રજાચિઠ્ઠી આપવામાં આવી છે કે કેમ ? સદરહુ જમીનના પ્લાન પાસ કરવા માટે જમીન માલીકના તથા અન્યોના જે કાંઈ નિવેદનો લેવામાં આવેલા હોય તથા તે અંગે જે કાંઈ તપાસ કરવામાં આવી હોય તથા જે કાંઈ પુરાવાઓ લેવામાં આવ્યા હોય તથા જે કાંઈ રીપોર્ટ ફાઈલ કરવામાં આવ્યો હોય તથા પ્લાન પાસ કરવા માટે કલેકટરશ્રીના બિનખેતીના હુકમની નકલ રજુ કરવામાં આવી હોય તો તેની નકલો તથા પ્લાન પાસ કરવામાં આવ્યો હોય તેની સહી સિક્કાવાળી નકલો તથા ટી.પી.સ્કીમ નં.૬૭ મંજુર થઈ ફાયનલ થઈ છે કે કેમ ? તથા તેને આનુષાંગિક આખરી જે કાંઈ નિકાલ કરવામાં આવ્યો હોય તે અંગેની તમામ નોંધ, રીપોટસ તથા જવાબો સહિતના કાગળો તથા નકશાઓ દરેકની નંગ–૧ સર્ટીફાઈડ કોપી મેળવવા. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી(ટીપી) તરફથી પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/૫૯૭ તા. ૧૮–૨–૧૨થી નિયત સમય અવધિમાં " ટી.પી. સ્કીમ નં. ૬૭ મંજુર થઈ ફાયનલ થયેલ નથી." તેવું જણાવેલ. જાહેર માહિતી અધિકારી(મ.શ.વિ.) તરફથી પત્ર નં. ટીડીઓ/૫૩૯ તા. ૧૦–૨–૧૨ થી નિયત સમય અવધિમાં " પ્રશ્નવાળી મિલ્કતમાં બાંધકામના પ્લાનો મંજુર કરવામાં આવેલ નથી. જેથી બાંધકામની રજાચિઠ્ઠી આપવાનો પ્રશ્ન રહેતો નથી. પ્રશ્નવાળી મિલ્કતમાં જમીન માલિકો તથા અન્યોના નિવેદનો લેવામાં આવેલ નથી. પ્લાન મંજુરી સમયે રજુ કરાવેલ પુરાવાઓ તથા રીપોર્ટની નકલ તથા એન.એ. હુકમની નકલ રૂા. ૧૫૨/– ભરપાઈ કર્યેથી નકલ મળી શકશે." તેવું જણાવેલ. તેના અનુસંધાને અરજદારે નાણાં ભરી તા. ૧૨–૩–૧૨ના રોજ નકલો પણ મેળવેલ છે. જે અંગે અરજદારે ડ્રેનેજ વિભાગ તરફથી તા. ૨૯–૨–૧૨થી મળેલા પ્રતિભાવથી નારજ થઈ તા. ૨૩–૩–૧૨ના રોજ અપીલ અરજી કરેલ. જેમાં અરજદારે બ્લોક નં. ૪૬૩ જીઆવ જે ટીપી સ્કીમ નં. ૬૭માં આવે છે જેમાં તમે જણાવેલ ટીપી સ્કીમ નં. ૬૩ બાબતે અમોને કોઈપણ જાતનું લાગતું વળગતું નથી. પરંતુ મોજે જીઆવ બ્લોક નં. ૪૬૩ અને ૪૬૪ વચ્ચે ભેસ્તાન માઈનોર(કેનાલ) આવેલ છે જે અંગે કોર્પોરેશનના ટાઉન પ્લાનીંગ અધિકારીશ્રીઓ/ પ્રોસેસીંગ સબ ડીવીઝન પ્લાન / ડી.ટી.પી.એસ. નં. ૬૭ મુકેલ છે. જેમાં ભેસ્તાન માઈનોર (જીઆવ) કેનાલ બતાવેલ નથી. તેમજ ૪૬૩ ના માલિકે પ્લાન એન.એ. વખતે મજકુર કેનાલ બતાવેલ નથી. જેથી એન.એ. પ્લાન રદ થવાને પાત્ર છે. જેમાં

અરજદારે કોઈ માહિતી માંગેલ નથી. પરંતુ તેવું અરજદારે સુચન કરેલ છે. કોર્પોરેશનના ટાઉન પ્લાનીંગ અધિકારીશ્રીઓ પણ સ્થળ નિરીક્ષણ કર્યા વગર



પ્લાન પાસ કરેલ હોય જે પણ ખોટું છે. રદ થવાને પાત્ર છે. તેવું અરજદારનું સુચન કરેલ છે જેમા પણ અરજદારે કોઈ માહિતી માંગેલ નથી. જેથી આપ સાહેબ આ અંગે રૂબરૂ સ્થળ નિરીક્ષણ કરી પ્લાન રદ કરી જરૂરી પગલા ભરવા અથવા ફેરફાર કરવા નમ્ર અરજ છે. વધુમાં બ્લોક નં. ૪૬૩ અને ૪૬૪ ની બન્ને બાજુએ જે કેનાલ આવે છે જેની માર્જીનવાળી જમીનમાં ૪૬૩ ની સાઈડે પણ સ્ટ્રોમ લાઈન નાંખી શકાય એમ છે. જેથી કરીને સ્ટ્રોમ લાઈન અંગે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તેમાં પણ અરજદારે માહિતી માંગેલ નથી. પરંતુ સુચન કરેલ છે. અગાઉ સ્ટ્રોમ લાઈન ટી.પી. ૬૩ માં નાંખવામાં આવેલ હોય જેમાં સરકારી રીઝર્વેશન હોય જે અંગે કોઈ ફેરફાર કરવાની આવશ્યકતા જણાતી નથી. અને હાલમાં પણ સ્ટ્રોમ લાઈન ચાલુ છે. જે અંગે ડ્રેનેજ વિભાગ ખોટા ખર્ચાઓ કરવા જઈ રહી છે. આમ જોઈએ તો આર્થિક રીતે કોર્પોરેશને નુકશાન થઈ રહ્યું છે. હાલ પૂરતું સ્ટ્રોમ લાઈન ફેરફાર કરવો અયોગ્ય છે. જે અંગે પણ અરજદારે સુચનો કરેલ છે. વધુમાં જણાવવાનું મોજે જીઆવ બ્લોક નં. ૪૬૪ વાળી ખેતીની જમીનમાં અમો અરજદાર હાલમાં ખેતી કરી રહ્યા છે જેથી અમારી જમીનમાં સ્ટ્રોમ ડ્રેનેજ લાઈન નાંખવામાં આવે તો તેની સામે અમોને સખત વાંધો છે. જે અંગે અરજદારની રજુઆત ફરીયાદને લગતી છે.

આમ જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માહિતી પુરી પાડવામાં આવેલ છે. પરંતુ અરજદારે અપીલ તબક્કે કેનાલ બતાવેલ નથી, સ્થળ નિરીક્ષણ કરી પ્લાન રદ કરવા પગલા ભરવા તથા બ્લોક નં. ૪૬૪ની જમીન પર સ્ટ્રોમ ડ્રેનેજ લાઈન નાંખવામાં આવે તેની સામે સખત વાંધો છે તેવા પ્રશ્ન ફરીયાદ નિવારણને લગતા છે. તેમજ અરજદારની તા. ૪–૨–૧૨ની અરજીમાં પણ ફરીયાદને લગતી રજુઆત કરેલ છે. આરટીઆઈ એક્ટ–૨૦૦૫ની કલમ–૨(એફ) અને ૨(જે) મુજબ જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પુરી પાડવાની જોગવાઈ છે.

અરજદારની પ્રથમ અપીલ તા.૨૩–૩– ધ્યાને લેતાં ૨૧–૪–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૬–૫–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૦૪–૦૨–૧૨ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારીઓ તરફથી મુદ્દા નં. ૪ બી ફોર્મ સિવાયની પુરી પડાયેલી હોઈ, અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."

મુદ્દા નં. ૪ બી ફોર્મ અંગે જાહેર માહિતી અધિકારી ટીડીઓ દ્વારા માંગેલ સ્પષ્ટતા આપી માહિતી મેળવી લ ેવા અરજદાર સ્વતંત્ર છે.

અરજદારે અપીલ તબક્કે ઉપસ્થિત કરેલ રજુઆત ફરીયાદ નિવારણ અને તકરારને લગતી હોઈ, સ ક્ષમ સત્તાને અલાયદી રજુઆત કરવા સ્વતંત્ર છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૨

(૧) પ્રતિ, એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–ડ્રેનેજ, ડે.કમિ.(પી.એન્ડ.ડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–ટીડીઓ/ટીપી..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ધનજીભાઈ ફકીરભાઈ પટેલ,